

# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબ અને સંતોને સંગ



**સંતના** પગલે પ્રભુ વિચરે છે, સંતના મુખે પ્રભુ વદે છે. સંતના સમાગમે પ્રભુનો અનુભવ જુદા જુદા પ્રકારે થયા કરે છે. વર્ષોવર્ષ ગુરુદેવ યોગીજીમહારાજની દિવ્ય આજ્ઞા ઝીલી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો દેશ-પરદેશમાં અહોરાત્ર અથાગ વિચરણ કરી રહ્યા છે અને અક્ષરમુક્તો સત્સંગીઓ-હરિભક્તોને સત્સંગનું સુખ આપી સંસ્કાર અને ચારિત્રથી સભર કરે છે. આવા ભક્તોનાં જીવનદર્શનથી સંત દ્વારે પ્રભુપ્રાપ્તિની અકલ્પનીય અનુભૂતિ સહજ અનુભવાય છે.

૧૧ માર્ચના રોજ સંતભગવંત સાહેબજી ઇંગ્લૅન્ડ પધાર્યા. ગુરુદેવ યોગીબાપાએ ગુરુવર્ય સાહેબજીને આશીર્વાદ આપ્યા હતા, 'જે તમો સંકલ્પ ના કરો તે તમારી ખોટ અને અમે પૂરા ના કરીએ તે અમારી ખોટ' તેનાં અદ્‌ભુત દર્શન આ વખતની ધર્મયાત્રામાં ભક્તોને પ્રસંગે પ્રસંગે થયાં.

### પ્રભુના બળે, કેવળ પ્રાર્થનાથી અશક્યને શક્ય બનાવે તે સાહેબજી !

યુ.કે. સ્થિત અનુપમસ્વજન વિજયકુમાર-દર્શનાબહેનના દીકરા અને સાહેબજીના અત્યંત કૃપાપાત્ર રોનકને ૨૮ વર્ષની નાની વયે મગજમાં ગાંઠ થઈ હતી તેનું ઑપરેશન થયું. ૨ માર્ચના રોજ સંતભગવંત સાહેબજીના ૭૯મા પ્રાગટ્યપર્વ પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વાદ પ્રાપ્ત કરવાના ભાવ સાથે સૌ ઝામ્બિયાથી મુંબઈ પધાર્યાં. રોનકને ત્યાં અસ્વસ્થતાનો અનુભવ થતાં ડૉક્ટરને બતાવ્યું. નિદાન થયું કે, તાત્કાલિક ઑપરેશન કરવું પડશે. વિમાનની મુસાફરી ન કરી શકાય તેવી પરિસ્થિતિમાં સાહેબજીના આશીર્વાદ લઈ લંડન પાછા પધાર્યાં. ત્યાં પણ નિદાન થયું કે, ઑપરેશન તો તરત કરવું જ પડશે. સાહેબજીને સમાચાર મળતાં પોતાની પૂર્વયોજિત દક્ષિણ ભારતની યાત્રામાં પૂ. શાંતિદાદા સાથે જવાને બદલે પોતે લંડન પધાર્યા. વિદાય વેળાએ સર્વ સંતો-ભક્તોને ધૂન-પ્રાર્થના કરવા માટે આજ્ઞા કરી. સાહેબદાદાની અનુવૃત્તિ સમજી વિશ્વનાં અનુપમ મિશનનાં તમામ કેન્દ્રોમાં સમાચાર મળતાંની સાથે જ ધૂન-પ્રાર્થનાનાં આયોજન થયાં અને સૌએ સુહૃદભાવપૂર્ણ પ્રાર્થનાઓ કરી.

સાહેબદાદાના સાંનિધ્યમાં ઇંગ્લૅન્ડમાં પણ ધૂનના કાર્યક્રમો યોજાયા. ઑપરેશન પૂર્વે મંદિરમાં રોનકે શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ લીધા. સૂક્ષ્મદેહે અને સદેહે સાહેબજી મારી સાથે છે તે ભાવ કરી નિશ્ચિંત બન્યા. વિજયકુમાર-દર્શનાબહેનને પણ હૈયામાં શાતા થઈ. ૬-૭ કલાક ચાલે તેવા ઑપરેશનની ગંભીરતા નિષ્ણાત ડૉક્ટરો જણાવતા હતા ત્યારે પણ માતા-પિતા બંનેને સાહેબજી પ્રતિ પ્રત્યક્ષપણાના નિશ્ચયને કારણે શાંતિ હતી. ઑપરેશનના સમયે સાહેબજી હૉસ્પિટલમાં પધાર્યા. રોનકને ઑપરેશન થિયેટરમાં જઈને આશીર્વાદ આપ્યા. ધૂન-પ્રાર્થના કરી-કરાવી. લંડનનાં બ્રેઈન સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર અનન્યા ઘોષ અનન્ય નિષ્ઠાવાળાં ભક્તરાજ છે. તેઓ પણ સાહેબજીની આજ્ઞાથી પોતાના વિદેશના લાંબા રોકાણને ટૂંકાવી હાજર રહ્યાં. ઑપરેશન થિયેટરમાં ઍનેસ્થેસિયા આપતાં પહેલાં દીકરા રોનકનો હાથ પોતાના હાથમાં લઈ સાહેબજીએ દિવ્ય ચૈતન્યસ્પર્શી સંબંધ આપ્યો અને સતત પ્રભુસ્મરણમાં રહેવા આજ્ઞા કરી. વિશ્વના નિષ્ણાત ડૉક્ટર્સની પૅનલ ઑપરેશન થિયેટરમાં પધારી ત્યારે સાહેબજીનાં દર્શન કરી પોતે કૃતજ્ઞ થયા તેવો ભાવ કર્યો. સૌનેય સાહેબજીએ આશીર્વાદ આપ્યા કે, 'આવા મોટા ભક્તરાજનું ઑપરેશન આપના દ્વારા પ્રભુ કરવાના છે. તે ભક્તિ કરીને આપ સૌ પ્રભુનો સંબંધ પામશો, તમારાં જીવન ધન્ય બનશે.'

સાહેબજીએ બહાર આવી ઉપસ્થિત સૌ સગાં-સ્નેહી-ભક્તો-સ્વજનો સાથે બેસી ધૂન કરી. સાહેબજી હૉસ્પિટલની બાજુમાં બારીન્દ્રભાઈનાં ભાણી





સર્જરી પૂર્વે રોનકને શ્રી ઠાકોરજી સમક્ષ મહાપૂજા કરી, મૂર્તિ સ્મૃતિ સ્વરૂપે અર્પણ કરી સાહેબજીએ અભય આશીર્વાદ અર્પ્યા

કલ્પનાબહેનના આવાસે પધાર્યા. ધ્યાનસ્થ મુદ્રામાંથી બે કલાક બાદ બહાર આવી સેવકોને પૂછ્યું, 'કંઈ સમાચાર આવ્યા છે ?' સૌને એમ થયું કે, ઑપરેશનને ૬-૭ કલાક થવાના છે ને હજુ તો બે કલાક જ થયા છે ! પણ ત્યાં તો હૉસ્પિટલમાંથી ફૉનની ઘંટડી રણકી અને સમાચાર આવ્યા કે, 'ઑપરેશન સફળ રીતે પૂર્ણ થઈ ગયું છે.' સૌ ડૉક્ટર્સનું આશ્ચર્ય હજુ પણ સમાતું નહોતું કે, ઑપરેશન કરીને કાઢવાનો નકામો ભાગ આપમેળે જ ખરીને કેવી રીતે બહાર આવી ગયો ! પરિણામે અડધાથી પણ ઓછો સમય લાગ્યો. અશક્ય લાગતું કામ શક્ય બન્યું, કેવળ પ્રાર્થનાથી !

રોનકને બે દિવસમાં તો હૉસ્પિટલમાંથી ઘરે જવાની રજા આપી દીધી. આવા નિષ્ઠાવાન આશ્રિત ભક્તોના જીવનમાં બનતા પ્રસંગો તે પરચા નથી, પણ આત્માની પરમાત્મા પ્રતિની થઈ રહેલી યાત્રામાં બળ પૂરે છે, ઊર્ધ્વગતિ કરાવે છે. સાક્ષી બની રહેલાં સૌ કુટુંબીજનોને પ્રત્યક્ષ-પ્રગટનો સંબંધ કરાવે છે, માહાત્મ્ય વધારે છે. અને સાહેબદાદા જેવું સ્વરૂપ સૌ ભક્તોને પ્રાર્થના કરવાની સેવાઓ આપી સૌના આત્માને ઊજળો કરે છે. આવા દિવ્ય આત્માઓ સાથેનો સંબંધ એ જ આપણું અહોભાગ્ય છે !

હે પ્રભુ ! અમારી માટે જેમ પ્રાર્થનાઓ કરીએ છીએ, તેવી અલ્પસંબંધી સર્વને માટે સુહૃદભાવપૂર્ણ પ્રાર્થનાઓ કરાવતા રહી સહજાનંદમય બનાવશો તે પ્રાર્થના ! ◆

### સાહેબજીનાં દર્શન, સમાગમ, પધરામણીનો દિવ્ય લાભ

સંતભગવંત સાહેબજીના અત્યંત કૃપાપાત્ર એવા સતીશભાઈ ચતવાણીના ૬૫મા પ્રાગટ્યદિનની મહાપૂજામાં અદ્ભુત આશીર્વાદ આપ્યા. સતીશભાઈનો અથાગ પરિશ્રમ, ગુરુવર્ય સાહેબજીનો સંકલ્પ અને સદ્ગુરુ સંતોની પ્રાર્થનાથી છેલ્લાં બાર વર્ષથી પ્રયત્ન કરતા હતા તે બ્રહ્મજ્યોતિની પાછળ જતો રસ્તો અનુપમ મિશન-ઈંગ્લૅન્ડના નામે ટ્રાન્સફર કર્યો અને એ કાયદાકીય દસ્તાવેજ સંતભગવંત સાહેબજીને પોતાના જન્મદિને અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ગુરુવર્ય સાહેબજીએ ખૂબ જ પ્રસન્નતા વરસાવી.

નિષ્ઠાવાન ભક્ત સોમચંદબાપા શાહ જ્યારે હૉસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે સાહેબજીએ તેઓને શ્રી ઠાકોરજીનું પ્રસાદીનું જળ પિવડાવ્યું અને આખા શરીરે ચોપડ્યું, ધૂન-પ્રાર્થના કરી. સોમચંદબાપા જાણે સંતભગવંત સાહેબજીની પ્રતીક્ષા કરતા હોય તેવો અનુભવ થયો. કારણ કે, સાહેબજીનાં દર્શન પામ્યાંના થોડા સમય બાદ જ તેઓ અક્ષરધામ સિધાવ્યા.

લેઈસ્ટરમાં રહેતા સુનીલભાઈ-ગીતાના ઘરે મંડળની સભામાં સુંદર આશીર્વાદ આપ્યા. બચુભાઈ-ઈન્દિરાબહેન, છત્રીસાસાહેબ-નિરુબહેન, ધર્મેશ-હેમા, શરદભાઈ વિસાણી-કીર્તિબહેન, રાજુભાઈ ચૌહાણ-રમીલાબહેન, વલ્લભબાપા, મિલન છત્રીસા, શોભન, શીલ-ઋષિલ આદિ ભક્તોને અઠવાડિક સત્સંગસભાનાં માહાત્મ્ય સમજાવી સૌ પર રાજીપો વરસાવી આશીર્વાદ આપ્યા.

શ્રી હરિ જયંતી-રામનવમીનો ઉત્સવ મંદિરમાં ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયો, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. હંસાબહેન ચતવાણી અને તેઓના સંગીત પ્રશિક્ષક શ્રી નારાયણમુનિએ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ભગવાન શ્રી રામના માહાત્મ્યનાં ભજનોની રમઝટ બોલાવી સૌ ભક્તોને ભક્તિભાવમાં ગુલતાન કર્યા. અંતમાં સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, "ભગવાન અને ભગવાનના ભક્તોની માનટળે ભાવે સેવા કરવી એને પ્રભુ મોટપ માને છે. ભગવાનની મૂર્તિના સુખે સુખિયા થઈ જઈએ તો જગત છૂટી જાય. મહારાજ ૨૦૦ વર્ષથી આપણી પાછળ પડીને આ કાર્ય કરાવી રહ્યા છે. ગમે તે થાય અને ગમે તે બને, પણ ગુરુની આજ્ઞામાં જીવન જીવીએ તો ભગવાન રાજી ના થાય એવી બધી પ્રવૃત્તિઓ આપોઆપ છૂટી જશે." અંતમાં સમૂહ આરતીનો સૌએ લાભ લીધો.

આ મહામંગલકારી દિને બ્રહ્મજ્યોતિ પર ભક્ત સમુદાય અને અન્ય જન સમુદાયના લગ્નપ્રસંગ તથા અન્ય તહેવારો માટે તૈયાર કરવામાં આવેલ મોટી માર્કીનું ઉદ્ઘાટન સંતભગવંત સાહેબજીએ કર્યું અને તેનો લાભ લેનાર સૌ



સતીશભાઈ ચતવાણીના પ્રાગટ્યદિનની મહાપૂજામાં સૌ પરિવારજનોને આશીર્દાન



શ્રીહરિ જયંતી પર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણને હૃદયવંદના અર્પણ

સુખિયા બની રહે તેવા રૂડા આશીર્વાદ આપ્યા. માર્કીના માલિક સેબ ડસાન્જ અને મંડપનું ડેકોરેશન કરનાર અનિલભાઈને બિરદાવી આશીર્વાદ આપ્યા.

વિશેષમાં મંદિરના ફેઝ-૨ના કૉન્ટ્રાક્ટર સુબીરભાઈ સાથે મીટિંગ કરીને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપ્યા. ખૂબ થોડા સમયથી પરિચયમાં આવેલ સુબીરભાઈને સાહેબજી પ્રત્યે ગુરુભાવ દૃઢ થયો છે તેવાં દર્શન થયાં. ભક્તોને લેવા-મૂકવા તકલીફ ના પડે તે હેતુથી મોટી ૧૬ સીટરની નવી મર્સિડિઝ વાન તેઓએ સાહેબજીને ભેટ ધરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ◆

## પ્રભુપ્રસન્નતા શિબિર

ઈસ્ટરની રજાઓમાં સંતભગવંત સાહેબજીએ ખૂબ જ કૃપા કરીને શિબિરનું આયોજન કરવાની આજ્ઞા આપી. કૃપા કરીને પોતે જ વિષય આપ્યો : 'પ્રભુપ્રસન્નતા.' સૌ યુવાન-યુવતીઓ-ગૃહસ્થ મુક્તસમાજ સૌને એકત્ર કર્યાં. ૩૦ માર્ચની સવારે સંતભગવંત સાહેબજીની સાથે પૂ. હિંમતસ્વામી, સતીશભાઈ, વિનુભાઈ, વિજયકુમાર, નવીનભાઈ સંઘરાજકા સાથે દીપપ્રાગટ્ય કરીને શિબિરનો પ્રારંભ કર્યો. ભાવિશાબહેને સભાનું સંચાલન કરીને ભક્તિ અદા કરી. સતીશભાઈ ચતવાણીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આધારે પ્રભુને રાજી કેવી રીતે કરી શકીએ ? તેનું 'વચનામૃત'ના આધારે સુંદર માર્ગદર્શન આપ્યું. સંતભગવંત સાહેબજીએ સહેલી ને સરળ રીતે દાખલાઓ આપીને પ્રભુને અને પ્રભુને ધારણ કરેલાં સ્વરૂપો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાને સાથે રાખીને, તેઓ રાજી રહે તેવાં વિચાર, વાણી અને વર્તન રાખવા માટેની અદ્‌ભુત સૂઝ આપી.

એ જ દિવસે સાંજે સમગ્ર નકારજા પરિવારે અક્ષરનિવાસી દામાબાપાની પુણ્યતિથિ નિમિત્તે ભજનસંધ્યા રાખી હતી. સમગ્ર નકારજા પરિવાર પાયામાં હોમાઈને જે સેવા-ભક્તિ કરી રહ્યો છે, તે બદલ પ્રસન્નતા દર્શાવી સાહેબજીએ સૌને બિરદાવ્યાં ને આશીર્વાદ આપ્યા.

શનિવાર, ૩૧ માર્ચે સવારે શિબિરની દ્વિતીય દિવસની સભામાં વિનુભાઈ, અશ્વિનભાઈ, દર્શનાબહેન, મેઘના, આશકા, ડેનિશા, જેસન, ઋષિલ આદિએ પોતાના અનુભવની સુંદર વાતો કરીને લાભ આપ્યો. એ જ દિવસે સાંજે સતીશભાઈ ચતવાણીના ૬૫મા જન્મદિનની સૌ ભક્તો અને યોગી ડિવાઈન સોસાયટીનાં ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં સરસ સભા થઈ. સતીશભાઈના ગુણોનું દર્શન કરાવી, તેઓના મહિમાની અદ્‌ભુત વાતો કરી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'આપણા સમાજમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સમજ માટે સતીશભાઈ અને ડૉ. મનોજભાઈ ઑથોરિટી ગણાય. અનુપમ મિશનની પ્રવૃત્તિઓમાં તેઓ ઘણી થઈને સેવા બજાવી રહ્યા છે.' યોગી ડિવાઈન સોસાયટીના ભાઈઓ ચિરાગભાઈ, ભાવિનભાઈ, રેખવભાઈ, ભરતભાઈ, વિકાસભાઈએ પણ સતીશભાઈના મહિમાની સુંદર વાતો કરી.

શિબિરનું આયોજન થયું અને સંતભગવંત સાહેબજીએ 'આપણે સૌ સમૂહ ધૂન કરીએ' તેવી આજ્ઞા કરી તેથી રવિવાર, ૧ એપ્રિલના રોજ સળંગ નવ કલાકની ધૂનનો વિશેષ કાર્યક્રમ ગોઠવાયો, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પધારી લાભ લીધો. અંતમાં, સંતભગવંત સાહેબજીએ ધૂનનો પ્રતાપ અને મહિમા સમજાવી સૌ પર પ્રસન્નતા બતાવી તેમજ 'દર મહિને એક રવિવારે સમૂહ ધૂન કરવી' તેવો આદેશ આપ્યો.

સોમવાર, ૨ એપ્રિલની સવારે ઈસ્ટરની રજાનો દિવસ, તેથી સતીશભાઈએ ભજનસંધ્યાનો કાર્યક્રમ ગોઠવી મોટી સંખ્યામાં તેઓના મિત્રો-સંબંધીઓ-હરિભક્તોને લાભ અપાવ્યો. હંસાબહેન ચતવાણી, તેઓના સંગીત પ્રશિક્ષક શ્રી નારાયણમુનિએ અને સૂરવૃંદે ભક્તિભાવથી અદ્‌ભુત ભજનો ગાઈને ભક્તિ અદા કરી. સાહેબજીએ પણ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી અને આશીર્વાદ આપ્યા. આમ, સાહેબજીએ ખૂબ જ કૃપા કરીને આખા સમાજને ભક્તિ અને સત્સંગમાં લીન કર્યો. સંતભગવંત સાહેબજી ૩ એપ્રિલે ઈંગ્લૅન્ડથી નીકળી ૪ એપ્રિલના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. ◆

**(પૂ. હિંમતસ્વામીજી અને ભાવિશાબહેનના અહેવાલ પરથી સંકલિત)**



દીપપ્રાગટ્ય દ્વારા 'પ્રભુપ્રસન્નતા' શિબિરના શુભારંભ



'પ્રભુપ્રસન્નતા' શિબિરમાં સંતભગવંત સાહેબજીની પરાવાણીનો લાભ લેતા અક્ષરમુક્તો